VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

***Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal***

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# ન્યાયકુસુમાઞ્જલીમાં ઈશ્વરતત્વ : એક તત્ત્વચિંતન

## Dave Jaimin Jayesh bhai

Ph.d Scholar,
Department of Sanskrit
Gujarat University
Ahmedabad. ફોન નંબર :- 9979198954

Email :- jaimindave991@gmail.com
Orid ID :-_0009-0003-9471-3588

## *Abstract*

*પ્રસ્તુત લેખમાં ભારતીય દાર્શનિક પરંપરામાં ઈશ્વરતત્વ એક કેન્દ્રીય મુદ્દો રહ્યો છે, જે વિવિધ દાર્શનિક પદ્ધતિઓ અને પરંપરાઓ દ્વારા વિશદરૂપે ચર્ચિત થયો છે. વેદો, ઉપનિષદો, ભગવદ્ગીતા, સિદ્ધાંત ગ્રંથો અને નાનાં દાર્શનિક શાળાઓ (જૈન, બૌદ્ધ, સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા અને વેદાંત) ઈશ્વરતત્વને જુદા-જુદા દૃષ્ટિકોણોથી અભિગમ આપે છે. આ લેખમાં ભારતીય દર્શનશાસ્ત્રમાં ઈશ્વરતત્વના સ્વરૂપ, તેની અનિવાર્યતા, સાકાર અને નિરાકારતત્વ, તથા આધ્યાત્મિક અને દાર્શનિક પરિપ્રેક્ષ્યમાં તેની ભૂમિકા ઉપર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. તેમાં આદર્શવાદ અને તત્ત્વચિંતનની વિવિધ વિભાવનાઓનું વિશ્લેષણ કરાયું છે, જે ઈશ્વરના સ્વરૂપ અને સત્તાની પદ્ધતિઓને સ્પષ્ટ કરે છે. "ન્યાય કુસુમાંજલિ" એ આચાર્ય ઉદયનાચાર્ય (10મી-11મી સદી) દ્વારા રચિત એક પ્રસિદ્ધ ગ્રંથ છે, જે ઈશ્વરનાં અસ્તિત્વના તર્કસંગત પુરાવા આપવા માટે લખાયો છે. આ ગ્રંથ નાસ્તિક મતોના વિરોધમાં આસ્તિક દૃષ્ટિકોણ પ્રસ્થાપિત કરે છે અને ઈશ્વરની અવશ્યકતા, એનું અસ્તિત્વ, અને એનાં ગુણો વિશે તર્કપૂર્વક ચર્ચા કરે છે.ન્યાય કુસુમાંજલિ ગ્રંથ ઈશ્વરવાદ (Theism) નો તર્કસંગત આધાર પ્રદાન કરે છે. ઉદયનાચાર્યએ ચાર્વાક, બૌદ્ધ અને જૈન દર્શનના નાસ્તિક તર્કોનો ખંડન કર્યો છે. આ ગ્રંથ પાંચ સ્તબક માં વિભાજિત છે, જેમાં ઈશ્વરનું અસ્તિત્વ સાબિત કરવા માટે 12 મુખ્ય તર્કો આપવામાં આવ્યા છે. ઉપરાંત, લેખમાં શ્રુતિ-સ્મૃતિ ગ્રંથો તેમજ આધુનિક દાર્શનિક વિચારકોના અભિપ્રાયો દ્વારા ઈશ્વરતત્વની તટસ્થ સમજૂતી આપવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ અભ્યાસ આધ્યાત્મિક જિજ્ઞાસુઓ તેમજ દાર્શનિક અધ્યયન માટે ઉપયોગી સાબિત થશે.*

## પ્રસ્તાવના

ભારતીય દાર્શનિક પરંપરામાં ઈશ્વરનું મહત્વ ઊંડાણપૂર્વક ચર્ચાયું છે. ભારતના વિવિધ દાર્શનિક શિક્ષણોમાં ઈશ્વરની કલ્પનાને અલગ અલગ રૂપે રજૂ કરવામાં આવી છે. આ વિવેચનના મૂળમાં આધ્યાત્મિક અનુભવો, તર્કશક્તિ, અને વૈદિક મુલ્યમર્યાદા શામેલ છે. અહીં ઈશ્વરને અલૌકિક શક્તિના રૂપમાં માનવામાં આવે છે જે જગતના સર્જન, પાલન અને નાશનું નિયંત્રણ કરે છે. ભારતીય પરંપરામાં તર્ક અને વિમર્શ દ્વારા માનવજાતને સત્યની નજીક લાવવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. અહીં દરેક શાળા પોતાનાં વિચારોને તર્કશક્તિ અને અનુભવ દ્વારા પોષણ આપે છે. મતમતાંતર માત્ર વિવાદ માટે નહીં, પરંતુ વિમર્શ દ્વારા નવી દિશાઓમાં વિચારધારાને પ્રોત્સાહન આપવા માટે થાય છે. વેદાંતમાં, ઇશ્વરને સર્વોપરિ માનવામાં આવે છે. આ શાળાઓમાં ઇશ્વરને સત્ય, જ્ઞાન અને અનંતના સ્વરૂપમાં દર્શાવવામાં આવ્યો છે. વૈશેષિક તથા ન્યાય શાળાઓમાં ઇશ્વર જગતનો સર્જક અને જગતના નિયમોનું નિયંત્રણ કરનાર છે. જૈન અને બૌદ્ધ દર્શનોમાં ઇશ્વરના અસ્તિત્વને નકારવામાં આવ્યો છે. તેઓ અનુસાર જગતની વ્યવસ્થાનો આધાર સ્વયંથી ચાલતો છે, અને તે માટે કોઈ સર્વોપરિ સત્તા જરૂરી નથી.

આ બધાં વિચારોનાં અંતે ભારતીય દર્શનનો હેતુ એકજ છે: જીવના અંતરાત્મા અને પરમાત્માને જોડવાની પ્રક્રિયા. ઈશ્વરના સ્વરૂપને વખોડે કે માને, દરેક દાર્શનિક શાળા માનવીને આધ્યાત્મિક ઊંચાઈ પર લઈ જવા માટે પ્રયાસશીલ

http://vidyajournal.org

રહે છે.ભારતીય દર્શનની આ વિશિષ્ટતા એ છે કે તે કોઈ એક વિચાર પર નિર્ભર નથી, પરંતુ તે વિચારોની વિવિધતા અને મતમતાંતરનો સન્માનપૂર્વક સ્વીકાર કરે છે.

વિષયવસ્તુ

दृश्यते अनेन इति दर्शनम् । જેના માધ્યમથી આપણને રીતે જ્ઞાન થાય તેને દર્શન કહેવામાં આવે છે.

જેમ કે પ્રત્યક્ષ અનુમાન ઉપમાન શબ્દ આદિ યથાર્થ અનુભવ સાધન ભૂત તે દર્શન, ભારતીય સંસ્કૃતિમાં વેદને ઈશ્વર જેટલું જ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે જે વેદને નથી માનતા તેઓ ઈશ્વર નથી માગતા તેવું માનવામાં આવે છે. દર્શન શાસ્ત્રમાં જિજ્ઞાસુ ને સ્થૂળથી સુક્ષ્મ અથવા અજ્ઞાનથી જ્ઞાન તરફ લઈ જાય છે ' દર્શન ' એ સર્વાંગી જ્ઞાન પ્રાપ્ત કરવા માટેનો નિષ્પક્ષ, બૌદ્ધિક અને તાર્કિક પ્રયાસ છે.

ભારતીય દાર્શનિક સંપ્રદાયોને વેદોની પ્રામાણિકતા ,પ્રતિ આસ્થા અને અવિશ્વાસના આધારે બે વર્ગોમાં વહેંચવામાં આવ્યા છે. આ બે વર્ગો છે - આસ્તિક અને નાસ્તિક.

ભારતીય દાર્શનિક ચિંતનમાં, આસ્તિક તેને કહેવામાં આવે છે જે વેદની પ્રામાણિકતામાં વિશ્વાસ કરે છે અને નાસ્તિક દર્શન તેને કહેવાય છે જે વેદોને પુરાવા તરીકે સ્વીકારતો નથી. આમ, આસ્તિક એટલે 'વેદનો અનુયાયી' અને નાસ્તિક એટલે 'વેદનો વિરોધી'. તેઓ વેદોની નિંદા કરે છે. તે પણ કહેવામાં આવ્યું છે.

'नास्तिको वेदनिन्दकः'। આસ્તિક દર્શન છ પ્રકારના છે અને નાસ્તિક દર્શન ત્રણ પ્રકારના છે.

આસ્તિક દર્શનમાં 1.ન્યાયદર્શન 2.વૈશેષિક 3.સાંખ્ય 4.યોગ 5.પૂર્વમીમાંસા અને 6.ઉત્તરમીમાંસા

નાસ્તિક દર્શન ત્રણ પ્રકારના છે.

1.ચાર્વાક દર્શન 2.જૈન દર્શન 3.બૌદ્ધ દર્શન

બૌદ્ધ દર્શનના પણ ચાર સંપ્રદાય છે

1.વૈભાષિક 2.યોગાચાર 3. સૌત્રાંતિક 4.માધ્યમિક પૂર્વના દેશોમાં 'તત્વજ્ઞાન' શબ્દ પ્રચલિત છે તેમ પશ્ચિમના દેશોમાં 'PHILOSOPHY' શબ્દ જાણીતો છે જેમાં 'PHILOS' અને 'SOPHIA' એવા બે ગ્રીક શબ્દો સમાયેલા છે. PHILOS એટલે પ્રેમ અને SOPHIA એટલે 'WISDOME' એટલે કે ડહાપણ અથવા સમજણ. આ અર્થમાં PHILOSOPHY નો અર્થ જ્ઞાન પ્રત્યેનો પ્રેમ એવો થઈ શકે. PHILOSOPHY માં ત્રણ તત્વો તેમજ તેમના આંતરિક સંબંધોની ચર્ચા આવે છે: 1. જીવ, 2. જગત અને 3. ઈશ્વર. જીવ અને જગત વચ્ચેનો સંબંધ, જીવ અને ઈશ્વર વચ્ચેનો સંબંધ અને જગત અને ઈશ્વર વચ્ચેનો સંબંધ. એ જ રીતે PHILOSOPHY માં ચાર શાખાનો અભ્યાસ થાય છે: 1. ONTOLOGY તત્વમીમાંસા, 2. EPISTEMOLOGY જ્ઞાનમીમાંસા, 3. COSMOLOGY સૃષ્ટિમીમાંસા, અને 4. ETHICS નીતિશાસ્ત્ર. તત્વમીમાંસામાં તત્વ એટલે કે જીવ, અને ઈશ્વરના સ્વરૂપની ચર્ચા આવે છે. જ્ઞાનમીમાંસામાં એ ત્રણ તત્વોનું જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થઈ શકે એની ચર્ચા આવે છે. સૃષ્ટિમીમાંસામાં જગત રચાયેલું છે કે ઉત્ક્રાંત થયેલું છે એની ચર્ચા આવે છે.તત્વજ્ઞાન વિષયમાં આવતા પારિભાષિક શબ્દોનો અર્થ ખબર પડવી જોઈએ તો એ વિષયના લખાણમાં પણ રસ પડે. જ્ઞાતા એટલે જેને જ્ઞાન પ્રાપ્ત થાય છે તે. જ્ઞાન એટલે જાણવા માટેની ક્રિયાનું ફળ. પ્રમાણ એટલે જેના વડે જ્ઞાન પ્રાપ્ત થાય છે એ સાધન. જ્ઞેય એટલે જેના વિશે જાણવાનું છે એ જ્ઞાનનો વિષય. સત્તા શબ્દનો અર્થ રાજકારણમાં જે થાય છે એ જ અર્થ તત્વજ્ઞાનમાં થતો નથી. સત એટલે પરમ તત્વ, પરમાત્મા અને સત્તા એટલે એનું અસ્તિત્વ.

ચાર્વાક દર્શન

लोकव्यवहारसिद्ध इति चार्वाकाः । (न्यायकुसुमञ्जली , प्रथम स्तबकः) ચાર્વાકો ઈશ્વર અને આત્મા બંનેના અસ્તિત્વને નકારી કાઢે છે. તેઓ માને છે કે માત્ર ભૌતિક જગત જ સત્ય છે અને આનંદમય જીવન જ સૌથી શ્રેષ્ઠ છે.ચાર્વાક દર્શનમાં ઈશ્વર અને મોક્ષ સ્થાન નથી માનતા તેવા તેઓના માટે देहच्छेदो मोक्षः । અર્થાત્ દેહને છોડવો તે જ મોક્ષ છે.

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

लोकसिद्धो भवेद्राजा परेशो नापरः स्मृतः। देहस्य नाशो मुक्तिस्तु न ज्ञानान्मुक्तिरिष्यते ॥2॥ અર્થ:- સંસારમાં સન્માનિતરાજા પરમેશ્વર છે અન્ય કોઈ નથી, દેહનો વિનાશ થવો તે જ મુક્તિ છે જ્ઞાન મુક્તિ નથી થતી.

બૌદ્ધદર્શન

सर्वज्ञ इति सौगताः। (न्यायकुसुमञ्जली , प्रथम स्तबकः)

બૌદ્ધ ધર્મમાં ઈશ્વરનો ઉલ્લેખ નથી. ભગવાન બુદ્ધે ઈશ્વર પર આધાર રાખવાના બદલે ધર્મ અને કર્મ પર ભાર મૂક્યો. તેઓ નિર્વાણને જીવનનું ચરમ લક્ષ્ય માને છે.

**रागादीनां गणोऽयं स्यात्, समुदेति नृणां हृदि। आत्मात्मीयस्वभावाख्यः, स स्यात्समुदयः पुनः ॥ क्षणिकाः सर्वसंस्कारा, इति या वासना स्थिरा । स मार्गः इति विज्ञेयः, स च मोक्षोऽभिधीयते ॥** અર્થ:- બધા સંસ્કારો ક્ષણિક છે, ઈચ્છાઓની સ્થિરતા એ બૌદ્ધોનો 'માર્ગ' છે અને એ જ શૂન્ય તત્વનું શૂન્ય સ્વરૂપમાં રૂપાંતર એ 'મોક્ષ' છે.

**देशना लोकनाथानां सत्त्वाशयवशानुगाः। भिद्यन्ते बहुधा लोके उपायैर्बहुभिः किल॥१॥**

---

અર્થ:- વિશ્વના સ્વામી બુદ્ધ જેવા મહાન ગુરુઓના ઉપદેશો, તેમને સમજનારા શિષ્યોની બુદ્ધિના પ્રભાવને લીધે, એટલે કે તેમની બુદ્ધિના તફાવત અનુસાર અને જુદા જુદા માર્ગોને લીધે અથવા વિશ્વમાં પ્રચલિત પદ્ધતિઓ. 1 ॥

**गम्भीरोत्तानभेदेन क्वचिच्चोभयलक्षणा। भिन्ना हि देशनाऽभिन्ना शून्यताऽद्वयलक्षणा॥२॥**

અર્થ:- તેમના ઉપદેશો ક્યારેક ગંભીર અને ક્યારેક સ્પષ્ટ હોય છે; ક્યાંક ને ક્યાંક તે ગંભીર અને વિશિષ્ટ બંને લક્ષણો ધરાવે છે. આ તફાવતોને કારણે તેઓ જુદા દેખાય છે; પણ બધાનો મૂળ સિદ્ધાંત કે ઉપદેશ 'શૂન્યતા'નો જ છે, એમાં કોઈના બે મત નથી. 2 ॥

द्वादशायतनपूजा श्रेयस्करीति बौद्धा मन्यन्ते—

**अर्थानुपाद्य बहुशो द्वादशायतनानि वै। परितः पूजनीयानि किमन्यैरिह पूजितैः ॥३॥**

અર્થ:- દ્વાદશયતન પૂજા એ છે જે મોક્ષ તરફ લઈ જાય છે - એ પૂજા માટે અનેક દ્રવ્યો મેળવીને 'દ્વાદશયતન' એટલે કે બાર પ્રકારના વિશિષ્ટ સ્થાનો બનાવવા જોઈએ અને દરેક રીતે તેમની પૂજા કરવી જોઈએ, બીજાની પૂજા કરવાથી શું ફાયદો છે?॥3॥

**ज्ञानेन्द्रियाणि पञ्चैव तथा कर्मेन्द्रियाणि च। मनो बुद्धिरिति प्रोक्तं द्वादशायतनं बुधैः॥४॥**

અર્થ:- દ્વાદશયતન પૂજા આ છેઃ - પાંચ જ્ઞાનેન્દ્રિયો એટલે કે શ્રવણ, ત્વચા, આંખો, જીભ અને નાક; પાંચ 'કર્મેન્દ્રિયો' એટલે કે વાણી, હાથ, પગલાં, વર્તમાન અને અપ્રગટ, મન અને બુદ્ધિ, એટલે કે તેમને આનંદમાં વ્યસ્ત રાખવા એ બૌદ્ધોનો અભિપ્રાય છે.

**જૈનદર્શન**

**कर्ता न तावदिह कोऽपि यथेच्छया वा दृष्टोऽन्यथा कट्कृतवपि तत्प्रसङ्गः। कार्यं किमात्र भवताऽपि च तक्षकद्यैः अतृप्ति च त्रिभुवनं पुरुषः करोति॥**

અર્થ:- કોઈપણ વ્યક્તિ એવો નથી જે પોતાની ઈચ્છા પ્રમાણે બ્રહ્માંડ નિર્માણ કરી શકે જો તમે તર્ક કરો કે તમે અનુમાન કરો તો તમારે પ્રમાણ આપવું જોઈએ અન્યથા તમારે ઈશ્વર નથી તે સ્વીકારવું જોઈએ અથવા તો તે વ્યક્તિએ ત્રણેય લોકોનું નિર્માણ કરવું જોઈએ.

જે જે દ્રવ્યની જે જે કાળમાં ક્રિયા થઈ રહી છે તેનો નિર્માણ કરતા કોઈ આત્મા નથી. પરાદ્રવ્યસ્વરૂપ નકર્મક્રિયામાં તથા દ્રવ્યની ક્રિયામાં તથા જડકર્મની ક્રિયામાં જો આત્માને નિર્માણકર્તા માનીએ તો આત્માને પર દ્રવ્યની બધી જ અવસ્થાઓમાં નિત્ય ઉપસ્થિત રહેવું જોઈએ અર્થાત્ નિત્ય કર્તૃત્વનો પ્રસંગ આવશે.

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

આત્માદ્રવ્ય જો જગતની ક્રિયામાં નિર્માણ કરતા થઈ જશે તો જગતની જેટલી ક્રિયાઓમાં હોય તે આત્માને નિત્ય ઉપસ્થિત રહેવાનો પ્રસંગ આવશે.

જૈન ધર્મમાં ઈશ્વરનો કોઈ સ્વીકાર નથી. તેઓ માને છે કે જીવ પોતાનું મુક્તિપ્રાપ્ત કરવા માટે પોતે જ જવાબદાર છે.જો દ્રવ્ય નિર્માણ કરતાં હોય તો પ્રત્યેક ક્રિયામાં દ્રવ્યને નિર્માણ રૂપમાં હોય તો પ્રત્યેક દ્રવ્યને નિર્માણ કર્તાના રૂપમાં નિત્ય ઉપસ્થિત રહેવું પડશે માટે પરદ્રવ્યની ક્રિયાનો આત્મામાં નિમિત્તકર્તા ન થઈ શકે.

**સાંખ્યદર્શન**

श्रुतिरपि प्रधानकार्यत्वस्य ॥5/12॥

अयं चेश्वरप्रतिषेध ऐश्वर्ये वैराग्यार्थमीश्वरज्ञानं विनाऽपि मोक्ष- प्रतिपादनार्थ च प्रौढिवादमात्रमिति प्रागेव (सू. भा. १।९२) व्याख्या- तम् । अन्यथा जीवव्यावृत्तस्येश्वरनित्यत्वा देगौंणत्व कल्पनागौरवम् । औपाधिकानां नित्यशानेच्छादीनां महदादिपरिणामानां चाङ्गीकारेण कौटस्थ्याद्य पपत्तेरित्यादिकं ब्रह्ममीमांसायां (विशा. भा. १।१।४-६) द्रष्टव्यमिति॥१२॥

જો પરમેશ્વરનો સ્વીકાર નહીં કરીએ તો જીવના કર્મફળ ભોગ અને સૃષ્ટિના સંચાલન નહીં થઈ શકે માટે કપિલમુનિ રચિત સાંખ્યશાસ્ત્ર પરમેશ્વર લોકો નથી માનતા તે માત્ર ભ્રમ છે સાંખ્યસૂત્ર અધ્યાય *1* સૂત્રસંખ્યા 53 થી આપણે જાણી શકીએ છીએ કે કપિલમુનિએ પરમેશ્વરની સૃષ્ટિ પ્રત્યે પરમેશ્વરની ઉપાદાન કારણનો નિષેધ કયો છે પરમાત્માનો નહીં.

**કપિલમુનિએ સાંખ્યસૂત્ર**

**स हि सर्ववित्सर्वकर्ता 3.56 ईदृशेश्वरसिद्धिः सिद्धा 3.57**

સૃષ્ટિના નિયન્તા અને અધિષ્ઠાતા રૂપમાં પરમેશ્વરનો સ્વીકાર કર્યો છે માટે , કપિલમુનિ રચિત સાંખ્યશાસ્ત્ર નિરશ્વરવાદી નથી, આવું માનવું જાણવું જોઈએ.

યોગદર્શન

યોગદર્શન (Patanjali Yoga Darshan) એ ઋષિ પતંજલિ દ્વારા પ્રણીત "યોગસૂત્ર" પર આધારિત છે, જે આષ્ઠાંગયોગ અને મોક્ષપ્રાપ્તિ માટેના સાધનો પર પ્રકાશ પાડે છે. આ દર્શન સાંખ્યદર્શન ને અનુસરે છે, પરંતુ તેમાં ઈશ્વર તત્ત્વ (God Principle) ને સ્પષ્ટ રીતે સ્વીકારવામાં આવ્યો છે.યોગસૂત્રમાં ઈશ્વરને એક વિશિષ્ટ પુરુષ (Purusha-Vishesha) તરીકે સ્વીકારવામાં આવ્યો છે.સંખ્યાના નિર્વિશેષ (નિર્ગુણ) પુરુષ તત્વ અને યોગના ઈશ્વર તત્વ વચ્ચે મુખ્ય તફાવત છે કે યોગમાં ઈશ્વર ઉપાસ્ય અને આરાધ્ય છે. योगदर्शनम् ईश्वरं साक्षात् निःश्रेयसस्य कारणं मन्यते। (યોગદર્શન ઈશ્વરને મોક્ષસાધન માટે એક મુખ્ય તત્ત્વ માને છે.)

ईश्वर का लक्षण क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः पुरुषविशेष ईश्वरः।

અર્થ:- કલેશ, કર્મ, વિપાક અને આશ્રય વાસનાઓના પરામર્શથી રહિત એક વિશેષ પ્રકારનો પુરુષ છે.

क्लेश પાંચ પ્રકારના ના ક્લેશ છે.

1. અવિદ્યા 2.અસ્મિતા 3.રાગ 4. દ્વેષ 5. અભિનવેશ

न विद्येति अविद्या। :- અવિદ્યા શબ્દમાં નઞ્ તત્પુરુષ સમાસ છે.

અર્થ:- 'अनित्याऽशुचिदुःखानात्मसु नित्यशुचिमुखात्मख्यातिरविद्या।' (2/5)

અનિત્ય, અપવિત્ર, દુખમય, અનાત્મ પદાર્થોમાં ક્રમશઃ નિત્ય, પવિત્ર, સુખમય અને આત્માનું જ્ઞાન થવું તે અવિદ્યા છે.

2. અસ્મિતા :- 'दृग्दर्शनशक्त्योरेकात्मतेवास्मिता' (2/6)

અર્થ:- ધૃકશક્તિ પુરુષ અને દર્શનશક્તિ બુદ્ધિથી પ્રતીયમાન એકાત્મતા ને અસ્મિતા કહેવાય છે .

3. રાગ :- सुखानुशयी रागः' (2/7)

અર્થ:- સુખના અનુયાયીને કહેવાય છે.

http://vidyajournal.org

4. द्वेष :- 'दुःखानुशयी द्वेषः' (2/8)

અર્થ:- દુઃખના અનુભવિતાને પૂર્વદુઃખનો અનુભવ સ્મૃતિપૂર્વક દુઃખ સાધનભૂત જો પ્રતિહિંસા અથવા મારવાની ઈચ્છા અથવા ક્રોધ થાય છે તેને દ્વેષ કહેવામાં આવે છે.

5. અભિનવેશ :- स्वरसवाही विदुषोऽपि तथारूढोऽभिनिवेशः (2/9)

कर्म :- ધર્મ અને અધર્મ જન્ય ક્રિયાઓ.

विपाक :- કર્મથી પ્રાપ્ત થતું ફળ જાતિ, આયુ અને ભોગરૂપી ફળ.

आशय चित्ते आ समन्तात् शेते इति वासना संस्कारः आशयः।

અર્થ:- રૂપ ચિત્તમાં બધી જ સર્વ પ્રકારે ગ્રથીત રહેવાવાળા વાસનાને સંસ્કારને આશય કહેવાય છે.

अपरामृष्टः :- સંપર્કથી રહિત.

**ન્યાયદર્શન**

ન્યાય દર્શનમાં ઈશ્વર તત્વ

ન્યાય દર્શન (જેમને તર્કશાસ્ત્ર પણ કહે છે) વૈદિક દર્શનમાં એક મહત્વપૂર્ણ શાસ્ત્ર છે, જેનું પ્રણયન મહારિષિ ગૌતમ દ્વારા થયું છે. ન્યાય દર્શન તર્ક, અનુમાન, અને પરમાણોથી તત્ત્વોની સમજૂતી આપે છે. ઈશ્વરનું તત્વ (અસ્તિત્વ) ન્યાય દર્શનમાં મહત્વપૂર્ણ વિષય છે.ન્યાયદર્શનમાં ઈશ્વર સર્વજ્ઞ, સર્વશક્તિમાન, નિજસત્તાસંપન્ન (સ્વયંસિદ્ધ), અને જગતની સર્જનશક્તિ ધરાવતો છે.

ન્યાયસૂત્ર (4.1.21) અનુસાર,

જગતના સર્જન માટે કર્મ, આત્મા અને ઈશ્વરનું સહયોગી હોવું જરૂરી છે. ઈશ્વર સર્વજ્ઞ છે, કેમ કે તે બધા કર્મફળોનું વિતરણ કરે છે.

1. ઈશ્વરનું અસ્તિત્વ સાબિત કરવાના ન્યાય તર્કો

ન્યાયદર્શન અનુમાનપ્રમાણ (Inference) ના આધારે ઈશ્વરનાં અસ્તિત્વને સાબિત કરે છે. મુખ્ય તર્કો નીચે મુજબ છે:

(i) સર્જનકર્તા તર્ક (Cause-Effect Argument)

જેમ કે માળા માટે માળાકાર (માળાવાળો), ઘરના નિર્માણ માટે ઇજનેર જરૂરી છે, તેવી જ રીતે, જગત માટે કોઈ સર્જનકર્તા હોવો આવશ્યક છે.

આ તર્ક અનુસાર, ઈશ્વર સૃષ્ટિનો નિર્માતા છે.

(ii) નિયમ તર્ક (Order and Regulation Argument)

જગતમાં જેવાં કુદરતી નિયમો અને વ્યવસ્થાઓ છે (જેમ કે ગ્રહોની ગતિ, ઋતુઓનો ફેરફાર), તે આપમેળે થતું નથી.

આ નિયમિતતા દર્શાવે છે કે, એક સર્વજ્ઞ અને સર્વશક્તિમાન ઈશ્વર આ બધું નિયંત્રિત કરે છે.

(iii) કર્મફળ વિતરણ (Moral Argument)

આ વિશ્વમાં દરેક આત્માને તેના કર્મફળ મળે છે.

કોણ નક્કી કરે છે કે કયા કર્મ માટે શું ફળ મળશે?

ન્યાય દર્શન મુજબ, ઈશ્વર એક ન્યાયી (Just) સંચાલક છે, જે સર્વજ્ઞ છે અને સર્વનું ફળ વિતરણ કરે છે.

**नित्यचिकीर्षाधिकरणत्वं नित्यप्रयत्नाधिकरणत्वं च ईश्वरत्वम् ।**

यावदुक्तोपपन्न इति नैयायिकाः। (न्यायकुसुमञ्जली , प्रथम स्तबकः)

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

ન્યાયશાસ્ત્રના મતે ઈશ્વર સર્વશક્તિમાન, સર્વવ્યાપી, વિભૂ, નિયામક, સગુણ છે. ઈશ્વર જ્ઞાનસ્વરૂપ કે આનંદસ્વરૂપ નથી, પણ એ ઈશ્વર જ્ઞાન અને સુખનો આશ્રય છે . ઈશ્વર જીવના કર્મફળ અનુસાર ધર્મ, અધર્મ, શુભ અને અશુભ કર્મ અનુસાર બધા જ જીવોને સ્વર્ગ- નરક પ્રાપ્ત કરાવે છે. પ્રલયકાળ સમયે પરમાણુ વિચ્છેદ કરીને બધાનો સંહાર કરે છે.

ન્યાયદર્શન અનુસાર ઈશ્વર જ સૃષ્ટિનો સ્રષ્ટા છે. ન્યાયીઓ માને છે કે જગતમાં જે ક્રમ અને વ્યવસ્થિતતા છે તે ઈશ્વર દ્વારા નિયંત્રિત છે. ઈશ્વર એ સર્વજ્ઞ, સર્વશક્તિમાન અને સર્વવ્યાપી તત્ત્વ છે.

**संख्यादयः पञ्च बुद्धिरिच्छा यत्तोऽपि चेश्वरे।**
**परापरत्वे संख्याद्याः पञ्च वेगश्च मानसे ॥ ३४ ॥**

અર્થ:- ઈશ્વરમાં સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ સંયોગ, વિભાગ, બુદ્ધિ, ઈચ્છા, પ્રયત્ન આઠ ગુણ રહેલા છે.

### વૈશેષિક દર્શન

વૈશેષિક દર્શન પણ ઈશ્વરના અસ્તિત્વને માન્ય રાખે છે, પણ તે ઈશ્વરને માત્ર જગતના આરંભ માટે જવાબદાર માને છે. વૈશેષિક મતે પદાર્થની સુક્ષ્મ અણુઓ (પરમાણુઓ) અને ઈશ્વરની કૃપાથી જ જગતનું ગઠન થાય છે. વૈશેષિક દર્શનમાં ઈશ્વર મહત્તાવૈશેષિક દર્શન મહર્ષિ કણાદ દ્વારા પ્રણિત છ આસ્તિક દર્શનોમાંના એક છે. આ દર્શન પદાર્થના સુક્ષ્મ તત્વો અને સૃષ્ટિની રચનાને સમજૂતી આપવા માટે પરમાણુવાદી સિદ્ધાંતને સ્વીકાર કરે છે. વૈશેષિક દર્શનમાં ઈશ્વરનો સ્વીકાર છે, પરંતુ તેનું મહત્વ અન્ય આસ્તિક દર્શનો કરતા ઓછું છે. ઈશ્વર અહીં એક સર્જક કે નિયામક તરીકે સમાવિષ્ટ છે, પણ સમગ્ર સિદ્ધાંતમાં તેનું મુખ્ય કેન્દ્રસ્થાન નથી. ઈશ્વર અને વૈશેષિક દર્શન વૈશેષિક દર્શન પદાર્થ (દ્રવ્ય), ગુણ, કર્મ, સમવાય અને વિશેષ જેવી કેટલાંક તત્ત્વો પર આધાર રાખે છે. તેનો મુખ્ય હેતુ જ્ઞાન દ્વારા મુક્તિ પ્રાપ્ત કરવો છે. આ દર્શનમાં ઈશ્વર એક અનિવાર્ય તત્ત્વ તરીકે છે, પરંતુ તે સૌપ્રથમ તત્વ નથી. ઈશ્વરનું સ્વરૂપ ઈશ્વર એક પરમાત્મા છે જે સર્વજ્ઞ અને સર્વશક્તિમાન છે.તે સૃષ્ટિની રચના માટે જવાબદાર છે, પણ તે અહમ ભૂમિકા નિભાવતો નથી.વૈશેષિક દર્શન અનુસાર સૃષ્ટિનું મૂળ પરમાણુઓ **(અણુઓ)** છે, અને તેઓ શાશ્વત છે. પરંતુ પરમાણુઓની ગતિ અને જોડાણ ઈશ્વર દ્વારા નિયંત્રિત થાય છે.ઈશ્વર એ એક પ્રેરકશક્તિ **(Efficient Cause)** છે, પરંતુ તે સૃષ્ટિનું મૂળ કારણ નથી. ઈશ્વર અને સૃષ્ટિનું સર્જન વૈશેષિક સિદ્ધાંત અનુસાર સૃષ્ટિ પરમાણુઓના સંયોગ દ્વારા બનેલી છે.પરમાણુઓ આપમેળે સંયોજનમાં આવતા નથી, ઈશ્વર તેમની ગતિ અને સંયોગ માટે નિમિત્ત કારણ રૂપે કાર્ય કરે છે. ઈશ્વર જ જગતના ક્રમ અને નિયમોને જાળવી રાખે છે.ઈશ્વર વિના પરમાણુઓ ગતિશીલ નહીં થાય, અને જગત અસ્તિત્વમાં નહીં આવે.

વૈશેષિક દર્શનમાં ઈશ્વરની મહત્તા

1. નિયમક શક્તિ: ઈશ્વર સૃષ્ટિના નિયમોનું પાલન કરાવે છે. જો ઈશ્વર ન હોય તો પરમાણુઓ અનિયંત્રિત બની જાય.
2. સૃષ્ટિની પ્રેરણા: પરમાણુઓ એકબીજાને જોડાઈ શકે અને જગત રચાઈ શકે એ માટે ઈશ્વર જ જવાબદાર છે.
3. નૈતિક વ્યવસ્થા: વૈશેષિક દર્શન માને છે કે કર્મફળ સિદ્ધાંત ઈશ્વર દ્વારા જ નિયંત્રિત થાય છે.
4.મુક્તિનો માર્ગ: ઈશ્વરજીવનના કર્મોનું ફળ આપે છે અને જીવ માટે મુક્તિનો માર્ગ ખોલે છે.

વૈશેષિક દર્શનમાં ઈશ્વર એક મહત્વપૂર્ણ તત્ત્વ છે, પણ તે જગતનું મુખ્ય ઉપાદાન કારણ નથી. પરમાણુઓ શાશ્વત છે, પણ તેઓને ગતિ આપવા અને તેમને સંયોજનમાં લાવવા માટે ઈશ્વર જ જવાબદાર છે. તેથી, વૈશેષિક દર્શન ઈશ્વર વિના જગતની કલ્પના કરી શકતું નથી, પરંતુ તે ઈશ્વરને એક કાર્યકારી શક્તિ **(Facilitator)** તરીકે જ સ્વીકાર કરે છે.

### મીમાંસા દર્શન

उपास्यत्वेन देशित इति मीमांसकाः (न्यायकुसुमञ्जली , प्रथम स्तबकः)

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

ધર્મ અને વેદ વિશે ચર્ચા તેને મીમાંસા કહેવામાં આવે છે. આ દર્શનનો વિષય ધર્મ છે. આ દર્શનમાં વેદાર્થનો વિચાર હોવાથી અને મીમાંસા દર્શન કહેવામાં આવે છે. આ દર્શનમાં યજ્ઞની દાર્શનિક દ્રષ્ટિએ વ્યાખ્યા કરવામાં આવી છે. મુખ્ય ત્રણ ભાગ છે. પ્રથમ ભાગમાં જ્ઞાનોપલ્ધિના મુખ્યસાધનો ઉપર વિચાર, બીજા ભાગમાં અધ્યાત્મ વિવેચન અને ત્રીજા ભાગમાં કર્તવ્યા-કર્તવ્યની સમીક્ષા છે. મીમાંસા જ્ઞાનોપલ્ધિના મુખ્યસાધનના છ પ્રમાણ છે. પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ, અર્થાપત્તિ અને અનુપલબ્ધિ. આ દર્શનના અનુસાર વેદ અપૌરષેય નિત્ય અને સર્વોપરી છે. વેદમાં કોઈપણ પ્રકારની અપૂર્ણતા નથી.

મીમાંસાનો ઉદ્દેશ્ય મનુષ્યોને સુખ પ્રાપ્ત કરવામાં મદદ કરવાનો છે. મીમાંસામાં સુખ પ્રાપ્ત કરવાના બે માધ્યમોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે - નિષ્કામ કર્મ અને આત્મિક જ્ઞાન. મીમાંસા દુઃખનો અત્યંતાભાવને મોક્ષ માને છે. મીમાંસાના તત્વસિદ્ધાંત વિલક્ષણ છે, ઘણા લોકો આ શાસ્ત્રને અનિશ્વરવાદમાં ગણના કરે છે. મીમાંસાશાસ્ત્રમાં આત્મા,બ્રહ્મ અને જગત આદિનો નહીવત પ્રાય છે. આ શાસ્ત્રમાં માત્ર વેદ તથા વેદના શબ્દોની નિત્યતાનું પ્રતિપાદન કર્યું છે. આ શાસ્ત્ર અનુસાર મંત્ર જ સર્વસ્વ છે તે જ દેવતા છે. તેના સિવાય દેવતાની કોઈ અલગ સત્તા નથી. 'ભટ્ટદીપિકા' ગ્રંથમાં કહ્યું છે 'शब्द मात्रं देवता। પરંતુ , મીમાંસા સૂત્ર આનાથી વિપરીત ઈશ્વરવાદનું પ્રમાણ આપે છે.

### વેદાંતદર્શન

इह यद्यपि यं कमपि पुरुषार्थमर्थयमानाः शुद्धबुद्धस्वभाव इत्यौपनिषदाः,

(न्यायकुसुमञ्जली , प्रथम स्तबकः)

વેદાંતનો શાબ્દિક અર્થ છે - વેદનો 'અંત' (અથવા સાર) ઉપનિષદ એ વૈદિક સાહિત્યનો છેલ્લો ભાગ છે, તેથી જ તેમને વેદાંત કહેવામાં આવે છે. વેદાંત દર્શનને ઉત્તરમીમાંસા અને ઉપનિષદ્ તરીકે પણ ઓળખવામાં આવે છે. વેદાંતમાં તત્વજ્ઞાન, જ્ઞાનયોગ, બ્રહ્મ, જીવ, પ્રકૃતિના પ્રકૃતિ અને પરસ્પર સંબંધોના વિષયોનું વર્ણન કરવામાં આવ્યું છે. અધ્યાત્મની વિવિધ ઉપાસનાપદ્ધતિને ઉપનિષદો વરેલાં જણાય છે. તેથી તેમાં સુસંકલિત વિચારધારા શોધવાનો પ્રયત્ન બહુ સફળ થાય તેમ નથી. તેમાં માત્ર બૌદ્ધિક વિચારણાને બદલે જીવનવિકાસને સ્પર્શતા ચિંતનની દૃષ્ટિથી જોઈએ તો અધ્યાત્મવિદ્યાનું આલેખન પ્રાપ્ત થાય છે. શ્રુતિના કર્મકાંડનો અંતિમ ભાગ એટલે જ્ઞાનકાંડ હોવાથી તે વેદાંત પણ કહેવાય છે.

ઉપનિષદ' શબ્દનો અર્થ વિભિન્ન રીતે કરવામાં આવે છે. વ્યુત્પત્તિની દૃષ્ટિએ જોતાં તેમાં उप અને नि એ બે ઉપસર્ગો છે અને सद् ધાતુ છે. सद् ધાતુનો બીજો અર્થ ગતિ થાય છે. શ્રદ્ધાભક્તિપૂર્વક બ્રહ્મ તરફ લઈ જાય તે વિદ્યા. આ વિદ્યા બ્રહ્મ સમીપ લઈ જનાર હોવાથી તેમાં પરમશ્રેય છે એટલે તેને લઈ જનાર હોવાથી તેને ઉપનિષદ કહે છે. सद् ધાતુનો ત્રીજો અર્થ અવસાદન : ગર્ભ, જન્મ, જરા આદિનું નિશાતન (ઉચ્છેદ) કે અવસાદન (નાશ) કરે તેવી વિદ્યા. આ જ્ઞાનથી સંસારનો નાશ થાય છે અને જીવભાવમાંથી મુક્તિ પ્રાપ્ત થાય છે.

**ॐ ईशा वास्यमिद सर्वं यत्किञ्च जगत्यां जगत्।**
**तेन त्यक्तेन भुञ्जीथा मा गृधः कस्यस्विद्धनम् ॥ १ ॥**

અર્થ:- જગતમાં જે કંઈ સ્થાવર અને જંગમ છે, તે સર્વ ભગવાન દ્વારા આચ્છાદન થયેલ છે . તું ત્યાગ ભાવથી કર્મનું પાલન કર, કોઈ પણ ધનની ઈચ્છા ના રાખ.

## ઉપસંહાર

ભારતીય દર્શનનું ઈશ્વર વિષયક વિશ્લેષણ એ દર્શાવે છે કે ઈશ્વર એક નિર્માતા તરીકે, શક્તિરૂપે કે શૂન્ય તરીકે વિવિધ રીતે પ્રગટ થાય છે. આ સ્તર પર, ઈશ્વર મતે મત-મતાંતર એક માનવ મનની વિશાળ વિચારોની યાત્રાને પ્રતિબિંબિત કરે છે. ભારતીય દર્શનમાં ઈશ્વર વિશેની વિચારધારાઓની વિશાળ વિવિધતા જોવા મળે છે. આ દાર્શનિક પરંપરા એ

http://vidyajournal.org

એવુ મેદાન છે જ્યાં ઈશ્વરના અસ્તિત્વ, સ્વરૂપ અને કાર્યપદ્ધતિ વિશે વિવિધ મતપ્રવાહો ન માત્ર ચિંતન કરે છે, પણ તેઓ આત્મવિમર્શ અને આધ્યાત્મિક ચેતનાના વિકાસ માટે નવી દિશાઓ પણ પ્રદાન કરે છે.

ભારતીય પરંપરાના સાત મુખ્ય દર્શનો—વેદાંત, મીમાંસા, ન્યાય, વૈશેષિક, યોગ, સંખ્ય અને વૈદિક પરંપરાની સંકળાયેલી શાળાઓ—એ અલગ અલગ રીતે ઈશ્વરની વ્યાખ્યા કરી છે. વેદાંતમાં ઈશ્વરને સચ્ચિદાનંદ સ્વરૂપના પરબ્રહ્મ તરીકે દર્શાવવામાં આવ્યો છે, જ્યારે સંખ્ય અને યોગ શાળાઓમાં ઈશ્વર એક અનિવાર્ય તત્વ ન હોવાનાં સિદ્ધાંતને પણ સ્થાન મળ્યું છે. નિશ્વરવાદી દૃષ્ટિકોણ, જેમ કે બૌદ્ધ અને જૈન દર્શન, ઈશ્વરના અસ્તિત્વને નકારીને મનુષ્યના પ્રયાસ અને જ્ઞાન પર ભાર મૂકે છે.

ભારતીય દર્શનનો મૂળ હેતુ માનવ જીવનને પરમ શાંતિ અને મુક્તિ તરફ દોરી જવાનો છે. ઈશ્વર વિશેના વિમર્શને માત્ર શ્રદ્ધા અને વિસ્વાસ પર આધારિત ન રાખી, પરંતુ તર્ક, અનુભવ અને પ્રાયોગિક દ્રષ્ટિકોણથી પણ આગળ વધારવામાં આવ્યો છે. આ વિમર્શોએ દર્શનશાસ્ત્રને નવા વિચારપ્રવાહોથી સમૃદ્ધ બનાવ્યો છે.

મતમતાંતર છતાં પણ, દરેક શાળા મનુષ્યના અંતિમ હિત માટે કામ કરે છે અને અંતે બધાનો હેતુ એક છે—મનુષ્યને આધ્યાત્મિક ચેતના તરફ પ્રગતિ કરાવવી. આ કારણોસર, ભારતીય દર્શન માત્ર એક દાર્શનિક પરંપરા જ નહીં, પરંતુ વૈશ્વિક ચેતનાનું મહત્વપૂર્ણ સ્ત્રોત છે, જે માનવજાત માટે અમૂલ્ય યોગદાન આપે છે.

## સંદર્ભસૂચિ

1. ન્યાય સૂત્ર
2. વૈશેષિક સૂત્ર
3. તર્ક દીપિકા
4. યોગસૂત્ર
5. ન્યાયસિદ્ધાંતમુક્તાવલી
6. સાંખ્ય સૂત્ર
7. ઈશાવાસ્યઉપનિષદ્
8. જૈન સૂત્ર
9. ન્યાય કુસુમાંજલિ